શ્રી ક. મા. સ્વાધ્યાય મંદિર
[illegible] ગ્રં/......૭/૨......

ઉચ્ચ શિક્ષણ, સંશોધન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ :
વિગેરે માટે ગ્રાંટ મેળવતી બીન સરકારી સંસ્થાઓના
સંચાલક મંડળમાં સરકારના પ્રતિનિધિઓને સભ્ય
તરીકે લેવા બાબત...
-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-:-

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:સશધ-૧૦૮૪-૩૦૨૬૭-ખ,
સચિવાલય, ગાંધીનગર,
તારીખ ૧૪-૯-૧૯૮૪.

ઠ રા વ:-

રાજ્યમાં ઉચ્ચ શિક્ષણ તથા સંશોધન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કેટલીક બીન-સરકારી સંસ્થાઓ દ્વારા ચાલે છે. આ સંસ્થાઓને તેમના કર્મચારીઓના પગાર ભથ્થાં અને અન્ય લાભો માટે મોટાપણાની ગ્રાંટ સરકાર આપે છે. આ ઉપરાંત પરચુરણ અને અન્ય નિભાવ ગ્રાન્ટ પણ સરકાર આપે છે. આ ગ્રાંટનો ઉપયોગ જે તે હેતુ માટે જ થાય અને તેનો ગેરઉપયોગ ન થાય તે જોવાનું જરુરી જણાયું છે. ઉપરાંત સંસ્થા તેના કર્મચારીઓને મળવાપાત્ર લાભો વિગેરે યોગ્ય દરે અને સ્વરુપે આપે તે જોવાનું પણ જરુરી જણાયું છે. આ હેતુ માટે સંસ્થાના સંચાલક મંડળમાં સરકારનું પ્રતિનિધિત્વ હોવા બાબતે વિચારણા ચાલતી હતી. કાળજીભરી વિચારણાને અંતે સરકાર આથી ઠરાવે છે કે ગ્રાંટ લેતી બિન સરકારી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ અને સંશોધન અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવતી સંસ્થાઓના સંચાલક મંડળ (ગર્વનીંગ બોડી) માં ગ્રાન્ટ ચુકવવાની શરતના ભાગરુપે સરકારને જરુર જણાય ત્યાં એક સરકારી પ્રતિનિધિ મુકવો.

૨. આ બાબતની જોગવાઇ સંસ્થાઓ તેમના નિયમોમાં પણ કરે તેવી આથી સૂચના આપવામાં આવે છે. સરકારની આ સૂચનાનો અનાદર કરનાર સંસ્થાઓની ગ્રાંટ બંધ કરવા કે તેમાં યોગ્ય કાપ મુકવાનું વિચારશે તેમ પણ આથી સ્પષ્ટ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કા. બે. મકવાણા,
સરકારના ઉપ સચિવ,
શિક્ષણ વિભાગ.

Scanned with CamScanner

પ્રતિ,

ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર,

એ. જી. અમદાવાદ / રાજકોટ,

નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, અમદાવાદ,

બધા જિલ્લા તિજોરી અધિકારી,

બધી ઉચ્ચ શિક્ષણ અને સંશોધન સંસ્થા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ચલાવતી

બીન સરકારી સંસ્થાઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી મારફત)

વિભાગની સર્વ શાખાંઓ,

સચિવાલયના સર્વ વિભાગો.

ક્રમાંક: ઉચ્ચ-૧-જીવપ-૮૭-૮૮-ક.૨૨૩૯૨૭૨૨૭૯૪

ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં. ૧૨, જૂનું સચિવાલય,
ગાંધીનગર. તા.૩૦-૧૧-૮૭.

<u>પરિપત્ર</u> :::

વિષય : ઉચ્ચ શિક્ષણની એકેડેમિક સંસ્થાઓની ભરતી અંગેની સમિતિ અંગે...

---

સરકારશ્રીના તા. ૧૪-૮-૮૪ના ક્રમાંક: સંપ-૧૦૮૪-૩૦૨૬૪-ખ થી ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની ગવર્નીંગ બોડીમાં સરકારશ્રીના પ્રતિનિધિઓની જોગવાઈ કરવામાં આવેલ છે.

૨: સરકારશ્રીના તા. ૧૬-૨-૮૫ના ઠરાવ ક્રમાંક:ગઉચ-૧૧૮૩-૬૯૧૮૧-૮૪-ખ થી ગ્રામ ઉચ્ચ શિક્ષણની ગ્રામ વિદ્યાપીઠોનો સ્ટાફીંગ પેટર્ન નક્કી કરવામાં આવેલ છે અને તેની મંજૂરી માટે ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીને સત્તા આપવામાં આવેલ છે.

૩: સરકારશ્રીના પ્રસ્તુત ઠરાવથી મળેલ સત્તાની રૂએ ઉચ્ચ શિક્ષણની એકેડેમિક સંસ્થાઓની ભરતી અંગેની વરણી સમિતિમાં નીચે મુજબની વરણી સમિતિ આથી નક્કી કરવાનું ઠરાવવામાં આવેલ છે.

(૧) ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીના પ્રતિનિધિ.

(૨) સંસ્થાના આચાર્ય અથવા આ કચેરી દ્વારા સ્ટાફીંગ પેટર્નમાં નિયામકની જગ્યા મંજૂર કરવામાં આવેલ હોય ત્યાં નિયામક.

(૩) ટ્રસ્ટના પ્રતિનિધિ

(૪) ~~આ~~ સબજેક્ટ એક્સપર્ટ ~~...~~ (બહારના)
(બ) [illegible] (બહારના).

૪. સંસ્થાની ખાલી પડતી જગ્યાની ભરતી માટે નક્કી કરવામાં આવેલ વરણી સમિતિમાં નક્કી કરવામાં આવેલ ઉપર્યુક્ત પ સભ્યોમાંથી કોઈપણ ત્રણ સભ્યો વરણી સમિતિમાં ઈ-૮૨૦યુ માટે હાજર હોય ત્યારે વરણી સમિતિ કે તેની કામગીરી કોઈપણ હિસાબે તેની રદ કરી શકાશે નહીં.

૫. અનિવાર્ય સંજોગોમાં વરણી સમિતિના નક્કી કરવામાં આવેલ પાંચ સભ્યોનાં પૈકી ત્રણ સભ્યો ગેરહાજર રહે તેમ હોય તો વરણી સમિતિ બંધ રાખવાની લેખિત જાણ સમિતિના તમામ સભ્યોને તથા ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરીને તેના વિગતવાર કારણો સાથે મોકલી આપવી તુર્ત જ કરવી. તેવી જ રીતે ઇન્ટરવ્યુ બંધ રાખ્યા અંગેની જાણ લાગતા વળગતા તમામ ઉમેદવારોને કરવાની રહેશે.

૬. જ્યારે પ્રથમ વખતના ઇન્ટરવ્યુ અનિવાર્ય સંજોગોમાં બંધ રાખવાનો પ્રસંગ ઉપસ્થિત થયો હોય ત્યારે તે જ ઇન્ટરવ્યુ બીજી વખતે વરણી સમિતિના અધ્યક્ષ અને ત્રણ સભ્યોએ અચૂક હાજર રહીને કરવા અંગેની કામગીરી પુરી કરવાની રહેશે. બે વખતના ઇન્ટરવ્યુ કોઇપણ સંજોગોમાં બંધ રાખવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

૭. ઉપર્યુક્ત સૂચનાઓનો દરેક સંસ્થાએ ચુસ્તપણે અમલ કરવાનું રહેશે.

રવાનગી માટે અધિકૃત

(પ્રાચી દેસાઈ)
કચેરી અધિક્ષક

સહી/-
સુરેશ દા. પમાર
ઉચ્ચ શિક્ષણ નિયામક
ગુ. રા. ગાંધીનગર.

પ્રતિ,

આચાર્યશ્રી, તમામ ગ્રામ વિદ્યાપીઠ,
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીના તમામ પ્રતિનિધિ.

જરુરી.

૨૧૭૩-૨૨૪૨

ક્રમાંક :- ખ્રક/કોમી/બ-૩/૪/૯૭-૯૮
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી,
બ્લોક-૧૨, ડૉ. જી. મ. ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા. ૭-૬-૧૯૯૭

વિષય :- બિનસરકારી કોલેજોમાં શૈક્ષણિક તથા બિનxxxxx શૈક્ષણિક સ્ટાફની ભરતી વખતે પસંદગી સમિતિમાં સરકારી પ્રતિનિધિ તરીકે હાજર રહેવા બાબત.

સંદર્ભ :- આ કચેરીનો પરીપત્ર ક્ર.ઉપક-સરપ્રાસ-૬-૧-૧૦૭૪૯-૧૧૦૦૦.૧૬-૫-૧૯૯૦

પરિપત્ર.

ગુજરાત રાજ્યમાં આવેલ તમામ બિનસરકારી કોલેજોમાં શૈક્ષણિક તેમજ બિ.શૈ.કર્મચારી ની પસંદગી કરવાનીહોય ત્યારે વરણી સમિતિમાં સરકારશ્રીના પ્રતિનિધિ તરીકે નિયત કરેલ સરકારી કોલેજના આચાર્યશ્રી, રજીસ્ટ્રારશ્રી, તેમજ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના કચેરી અધિક્ષકશ્રીને હાજર રહેવા માટે જે તે કોલેજ તરફથી જણાવવામાં આવે છે.

૨/-. આમ ઇન્ટરવ્યૂમાં હાજર રહેનાર સરકારશ્રીના પ્રતિનિધિએ જે જગ્યાની પસંદગી કરવાની હોય તે જગ્યા સરકારશ્રીએ મંજુર કરેલ છે કે કેમ? કઈ કેટેગરીની મંજુર કરેલ છે? જાહેરાત નિયમ અનુસાર અપાયેલ છે કે કેમ? આવેલ અરજીઓની નોંધ બરાબર કરવામાં આવી છે કે કેમ? આવેલ અરજીઓની ચકાસણી કરી જગાને અનુરુપ શૈક્ષણીક લાયકાત તેમજ અનુભવ ધરાવતા ઉમેદવારોને નિયત સમયમર્યાદામાં ઇન્ટરવ્યૂમાં હાજર રહેવાનું જણાવવામાં આવેલ છે કે કેમ? વગેરે બાબતોની ચોકસાઈ ઉમેદવારની પસંદગી કરવામાં આવે ત્યાં સુધીની કાર્યવાહીની સંપુર્ણ ચકાસણી કરવાની ફરજ સરકારી પ્રતિનિધિની છે. પરંતુ અનુભવે એમ જણાયુ છે કે આ બધી ચકાસણી બરાબર થતી નથી અને સંસ્થાની તરફેણમાં જ સરકારી પ્રતિનિધિની કામગીરી થતીહોય તેમ જણાય છે જે બરાબર નથી.

૩/-. બિનસરકારી કોલેજોના ઇન્ટરવ્યૂમાં હાજર રહેનાર સરકારી પ્રતિનિધિને ખાસ સુચના આપવામાં આવે છે કે સરકારશ્રીએ નક્કી કરેલ બધા જ નિયમોનું ચુસ્તપણે પાલન થાય તેની બરાબર ચકાસણી કરવી અને તેમાંય અનામત જગાઓના ઇન્ટરવ્યૂમાં ખાસ તકેદારી રાખવી તથા આ કચેરીના માર્ગદર્શન પરીપત્રોનો બરાબર અભ્યાસ કરી તેનું પાલન થાય તે જોવાનું રહેશે.

૪/-. ઇન્ટરવ્યૂ વખતે અનામત જગા ઉપર એક જ ઉમેદવાર હાજર હોય તો તેની પસંદગી કરી લેવી તેવી સુચના અગાઉ આપેલ છે જ. તેમ છતાં પુનઃ આ બાબતે ખાસ કાળજી લેવાનું જણાવવામાં આવે તેમ છતાં આ બાબતે પસંદગીસમીતીમાં કોઈ વાંધોહોય તો તેનો રોજકામમાં સ્પષ્ટ ઉલ્લેખકરી અહેવાલ સંયુકત શિક્ષણ નિયામકશ્રી (કોલેજ)ને વિના વિલંબે મોકલી આપવો.

૫/-. ઉપરોકત સઘળી બાબતો ઉપર નિષ્કાળજી સેવનાર સરકારી પ્રતિનિધિ સામે ખાતાકીય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

ઉચ્ચ શિક્ષણ કમિશનર
ગુ.રા.ગાંધીનગર

પ્રતિ,
૧. તમામ સરકારી કોલેજોના આચાર્યશ્રીઓ.
૨. તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ.

Scanned with CamScanner